રાજ્યના સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના"
તથા "કુટિર જ્યોતિ યોજના"ની પાત્રતા માટે
લાભાર્થીની આવક મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરઈએસ-૧૦૯૪-૪૪૦૩-ક-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૬/૦૨/૨૦૧૮

**વંચાણે લીધા :-**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તારીખ ૨૦-૦૫-૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક : આરઈએસ – ૧૦૯૪ -૪૪૦૩(૬) -ક.૧.

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તારીખ ૦૭-૦૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : આરઈએસ – ૧૦૯૪ – ૪૪૦૩ – ક.૧.

(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તારીખ ૧૮-૦૭-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : આરઈએસ – ૧૦૯૪ – ૪૪૦૩ – ક.૧.

(૪) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો તારીખ ૨૪-૧૦-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : સશપ / ૧૦૨૦૧૪ / ૪૩૮ / અ.૧.

**પ્રસ્તાવના :-**

રાજ્યનાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોગાં રહેતા કોઇપણ જાતિના બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગરીબ કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા "ઝૂંપડા વિજળીકરણ યોજના" અંતર્ગત તેમજ આદિજાતિ વિસ્તારમાં "કુટીર જ્યોતિ યોજના" અંતર્ગત એક પોઇન્ટ (વાયરીંગ સાથે) નિ: શુલ્ક વીજળીની સગવડ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ માટે વિવિધ ધારાધોરણો અને માપદંડો વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૦૭-૦૮-૨૦૧૫ના ઠરાવથી નિયત કરેલ. ત્યારબાદ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૧૮-૦૭-૨૦૧૬ ના ઠરાવથી ઝૂંપડા વિજળીકરણ યોજનામાં મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજના અંતર્ગત ઉભા કરેલ આવાસોને પણ આવરી લીધેલ છે.

વધુમાં આ યોજનાઓ માટે બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગરીબ કુટુંબોને પણ આ યોજનાનો લાભ મળી રહે તે માટે નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ, નિયામકશ્રી સમાજ સુરક્ષા અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની કલ્યાણકારી યોજનાઓ માટે નિયત કરેલ આવક મર્યાદાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૨૦-૦૫-૨૦૧૫ના ઠરાવથી ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો કે જેમના કુટુંબની વાર્ષિક આવક રૂપિયા ૪૭૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો કે જેમના કુટુંબની વાર્ષિક આવક રૂપિયા ૬૮૦૦૦/- કે તેથી ઓછી હોય તેવા ગરીબ કુટુંબોને પણ આ યોજનાઓ માટે પાત્ર ગણવામાં આવેલ છે.

વધતી જતી મોંઘવારી, લોકોના જીવન ધોરણમાં સુધારો, ફુગાવો વિગેરેમાં થયેલ અસામાન્ય વધારાને ધ્યાને લઇને સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગે તેમના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તારીખ ૨૪-૧૦-૨૦૧૭ ના ઠરાવથી વિવિધ કલ્યાણકારી યોજના માટેની પાત્રતા માટેની કુટુંબની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરી, ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો માટેની આવક મર્યાદા વાર્ષિક રૂપિયા ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો માટેની આવક મર્યાદા વાર્ષિક રૂપિયા ૧,૫૦,૦૦૦/- કરેલ છે. જે સંદર્ભે "ઝૂંપડા વિજળીકરણ યોજના" તેમજ આદિજાતિ વિસ્તારમાં "કુટીર જ્યોતિ યોજના" માટેની અગાઉ નિયત કરેલ આવક મર્યાદામાં વધારો કરી આ યોજનાઓ હેઠળ આવરી લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની "કુટિર જ્યોતિ" યોજનાઓનો લાભ ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ www.rural.dev.gujarat.In પરના કોમન લિસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓને મળવાપાત્ર છે તે ઉપરાંત બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા રૂપિયા ૧,૨૦,૦૦૦/- વાર્ષિક આવક ધરાવતા ગ્રામીણ વિસ્તારના તથા શહેરી વિસ્તારમાં રહેતા રૂપિયા ૧,૫૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક મેળવતા ગરીબ કુટુંબોને આ યોજના હેઠળ આવરી લેવાનું આથી ઠરાવવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩) સામેના ઠરાવોમાં દર્શાવેલ આવક મર્યાદા સિવાયની આ યોજનાઓના અમલીકરણ માટેની અન્ય જોગવાઇઓ / શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ઈન્દીરા ગામીત)
ઉપ સચિવશ્રી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.૧
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી, વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી દક્ષિણ ગુજરાત વીજ કંપની લી, સુરત.
- મેનેજીંગ ડીરેકટરશ્રી મધ્ય ગુજરાત વીજ કંપની લી, વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી પશ્ચિમગુજરાત વીજ કંપની લી, રાજકોટ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી ઉત્તર ગુજરાત વીજ કંપની લી, મહેસાણા.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા આયોજન અધિકારીશ્રીઓ.
- શાખા સીલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી અંગત ફાઇલ.